# લોક સંસ્કૃતિ – લગ્ન ગીતોમાં

પુષ્પાબહેન જોશી

'અર્પુ'

લોકસાહિત્યમાં – લગ્નગીતો અને લોકગીતોનું સ્થાન અનન્ય છે. લોકગીત એ લોકજીવનની જન્મોત્રી છે. તો લગ્નગીતો દ્વારા ઉજવાતો લગ્નોત્સવ એ લોકજીવનનો ઉલ્લાસનો અવસર છે. એમ તો લગ્નગીત એ લોકગીતનો જ એક પ્રકાર છે. લોકગીતમાં આજુબાજુનો પ્રદેશ, બોલી આવી જતી હોય છે, પ્રદેશની માહિતી (વિશેષતા) આવી જતી હોય છે. ઘેડ પંથક લીલોછમ હોય તેને વર્ણવતું લોકગીત –

" આ મોરલો બોલ્યો બોલ્યો રે આ લીલી નાઘેરમાં "

વધારે લગ્નગીતોમાં કૌટુંબિક પરંપરા, કુળ પરંપરા, વર કન્યાનું સૌન્દર્ય, માતાની મમતા, દાદા–પિતાનું વાત્સલ્ય, ભાઈ–બહેનનો પ્રેમ, ભાભી અને સખીઓનો અનુરાગ આવી જતો હોય છે.

લગ્નગીતો ભાવોર્મિથી છલોછલ ભરેલાં વૃંદગીતો છે. મંગલ અને મધુરતાથી ભરપુર હોય છે. લગ્નગીતોના સૂરો સૂરીલા અને સ્વાભાવિક હોય છે. તો ગાવાનો ઢાળ અને લઢણ પણ પરંપરાગત રીતે ઘૂંટાઈ ઘૂંટાઈને બહેનોને આત્મસાત થઈ ગઈ હોય છે. તેથી સ્વરમાધુર્ય કર્ણપ્રિય, ભાવવાહી, ચોટદાર, મર્મસ્પર્શી અને વેધક હોય છે.

લગ્નોત્સુક દીકરી દાદાને કહેતી હોય તેવા ગીતમાં કલ્પના,

(કન્યાના દાદા) દાદા વનરામાં પાકી છે બોરડી,

(વરના દાદા) દાદે કિયા ભાઈએ વાળી છે ડાળ

કીયા બેન ખોળા પાથરે.......

(દીકરીના દાદા) દીકરી ખોરલિયા નવ ઘરો, બગડશે ચુંદડી

(દીકરી) દાદા બગડે તો બગડવાને દેજો

નવરંગી મારી ચુંદડી......

અહી બોરડીનું ઝાડ, બોર અને ડાળને કેટલા સુંદર રીતે, પ્રતીકાત્મક રીતે લયબદ્ધ કરેલા છે.

લગ્નની વાત આવે કે કોઈ શુભ પ્રસંગ હોય, પહેલાં જ ગણપતિ યાદી આવી જાય.

પરથમ ગણેશ બેસાડો રે મારા ગણેશ દુંદાળા.....

લગ્ન લખવાની વિધિ કન્યા પક્ષના ઘરે થાય છે. ત્યારે થનાર પતિને સંદેશો મોકલતી કન્યાનું ગીત...

લગ્ન બાજોઠિયો હીરલે જડિયો,

કુંવારી કન્યાએ સંદેશો મોકલીયો

વેલેરા આવો ચોરાસીના રાયવર.......

અહીં કુંવારિકાની મનની વાત ગીતમાં સચોટ રીતે પ્રસ્તુત થઈ છે. વરપક્ષ અને કન્યાપક્ષના સામસામેના મીઠાસભર્યા સંવાદો નીચેના ગીતમાં પ્રસ્તુત છે.

આંગણીયે કંઈ એલચડી વવરાવોજો, ફાલે ને ફૂલ મારી એલચી

(કન્યા પક્ષ) – કિયા ભાઈ તારા કુંવરિયાને વાળો જો,

ઝંઝેડે (છંછેડે) મારી એલચી

વરપક્ષ – ઝંઝેડે તો ઝંઝેડવાને દેજો જો

કુંવર મારો લાડકો.......

માંડવાના ગીતમાં મંડપના સુશોભનની વાત કહે છે.

મોટો માંડવડો રોપાવો, ઝીણી સાજલીએ છવરાવો માણારાજ

માણેકથંભ મોતીડે વધાવો માણારાજ.

મામેરું ભરવાની પ્રથા લોકોમાં બહુ ભાવપૂર્વક અને બહેનને વધુમાં વધું આર્થિક મદદ આપી શકાય એ પ્રસંગ છે. એ પ્રસંગને વર્ણવતું ગીત છે. સામે બહેન પણ સંતોષી બતાવે છે.

મામેરું ભરે ત્યારે ગવાતું ગીત...

" વીરા દીધું ને લીધું મારે નથી જોતું

વીરા અવસરીએ વહેલેરો આવ, સંતોષણ બેનડી......

જાન પરણવા આવે ત્યારે કન્યાપક્ષ તરફથી સામૈયું કરવા છેક પાદર સુધી જાય. (હવે તો માંડવે જ આવી જાય છે.)

સામિયાં (સામૈયું) શણગારી સામા આવોરે કિયા ભાઈ દાદા

કઈ બાઈ (કન્યાનું નામ) ના વર ઊતર્યા વાડીએ

મોસાળ મોંઘેરીના વર ઊતર્યા વાડીએ.....

અહીં આ ગીતમાં શબ્દ અને ભાવવૈવિધ્ય ગજબનું છે.

(દીકરી) કન્યાને વિદાય કરવાની હોય ત્યારે ઘરમાંથી બોલાવવાની ગીત પ્રસ્તુતિ ખરેખર અદ્ભુત છે.

વરપક્ષ – ઘરમાંથી નીકળો સોળેરી સુંદરી આંગણે અલબેલો ઊભી રીહીયો (રહ્યો)

કન્યા – હું ને કેમ નીસરું રાય રે સેજાદા, અમને અમારો દાદો દેખશે.

આવા ભાવવાહી સંવાદો – લગ્નગીતોમાં પ્રસ્તુત થાય, ત્યારે આખું વાતાવરણ ભાવજગતમાં ફેરવાય જાય છે.

આમ લોકસંસ્કૃતિ ઠાંસીઠાંસીને લગ્નગીતોમાં ભરી છે.